
“વલણ એકસરખું રાખું છું આશા નિરાશામાં, બરાબર ભાગ લઉં છું જિંદગીના સૌ તમાશામાં.”



નવું વર્ષ ધૈર્ય, સાવધાની અને શિસ્તની કસોટી કરનારું રહેશે. ગ્રહોના ગોચરને કારણે વર્ષ દરમિયાન મિશ્ર પરિણામો જોવા મળશે, જેમાં વર્ષનો મોટો ભાગ પડકારજનક રહી શકે છે. ખાસ કરીને ૨ જૂનથી શનિની નાની અઢી વર્ષની પનોતી અષ્ટમ ભાવમાંથી શરૂ થતાં શારીરિક, માનસિક અને નાણાકીય સ્તરે સાવચેતી રાખવી પડશે. જો કે ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે ગુરુની સાનુકૂળ સ્થિતિ કઠિન સમયમાં રાહત આપશે. આ સમયગાળામાં અટકેલા કામો આગળ વધશે, આકસ્મિક લાભ મળી શકે અને લગ્ન, સંતાન, કારકિર્દી તથા વિદેશ સંબંધિત બાબતોમાં સારા સમાચાર મળી શકે. સમગ્ર વર્ષ દરમિયાન વડીલો અને નિષ્ણાતોની સલાહ લઈને નિર્ણય લેવો.

માનસિક સ્થિતિ : મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત

વર્ષના મોટા ભાગના સમયમાં કામમાં આવતી અડચણો, કૌટુંબિક ચિંતા અને નાણાંકીય ભીડને કારણે માનસિક તણાવ, ઉચાટ અને અશાંતિનો અનુભવ થઈ શકે છે. ખાસ કરીને ૧૨ નવેમ્બરથી ૯ માર્ચ તથા ૨૬ એપ્રિલથી ૪ જૂન દરમિયાન માનસિક પરિતાપ અને નિરાશા વધુ રહી શકે. **આ સમયગાળામાં કોઈ પણ બાબતને લઈને અતિશય વિચાર ન કરવો અને ઉતાવળમાં નિર્ણય ન લેવો.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે ગુરુની સાનુકૂળતા મનને હળવાશ આપશે. અટકેલાં કામોમાં પ્રગતિ થતાં આત્મવિશ્વાસ વધશે. ઈશ્વરભક્તિ, ધ્યાન અને સકારાત્મક પ્રવૃત્તિઓ મનને સ્થિર રાખવામાં મદદરૂપ બનશે.

આરોગ્ય : સાવચેતી જ એક ઉપાય

આરોગ્યની દૃષ્ટિએ આ વર્ષ કન્યા રાશિનાં જાતકો માટે સાવચેતી માગે છે. **વર્ષારંભથી જ મોસમી તથા વાયરલ બીમારીઓથી બચવા માટે સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી.** ૨ જૂનથી શનિની અઢી વર્ષની પનોતી અષ્ટમ સ્થાનમાંથી શરૂ થતાં શારીરિક કષ્ટ અને જૂની કે વારસાગત બીમારીઓ ઉથલો મારી શકે છે. કિડની, પેટ, પેઢું, પગ, મોં, ગળું, કાન અથવા અન્ય તકલીફ જણાય તો સમયસર તબીબી સલાહ લેવી. વાહન ચલાવતી વખતે ઉતાવળ ટાળવી અને મુસાફરી દરમિયાન ખાસ સાવચેતી રાખવી.

આર્થિક સ્થિતિ : ભલે ને કોઇ કંજૂસ કહે

આર્થિક બાબતોમાં આ વર્ષે ખૂબ જ સમજી-વિચારીને આયોજન કરવું પડશે. અણધાર્યા ખર્ચ વધવાથી નાણાંભીડ અનુભવાઈ શકે છે. **આવક મર્યાદિત અને જાવક વધુ રહે તેવી સ્થિતિ ઊભી થઈ શકે.** કોઇને ઉછીના પૈસા આપવાનું ટાળવું. જોખમી રોકાણ, લોન લઇને મોટું સાહસ અથવા પૂરતી તપાસ વિના નાણાંકીય નિર્ણય ન લેવો. **ઓનલાઈન તથા ઓફલાઈન નાણાકીય વ્યવહારમાં સાયબર ફ્રોડથી પણ સાવધ રહેવું.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુની સાનુકૂળતાથી આકસ્મિક લાભ મળવાની શક્યતા છે. અટકેલી રકમ પરત મળે અથવા આવકના નવા માર્ગો ઊભા થતાં આર્થિક સ્થિતિમાં થોડી રાહત મળી શકે.

ધંધાકીય : જિંદગી હર કદમ એક નઇ જંગ હૈ

વેપાર-ધંધામાં હરીફાઇ અને આર્થિક મુશ્કેલીઓના પડકાર. ગ્રાહકો તૂટવા, બીજા હરીફ પાસે ચાલી જવા, ઉઘરાણી ફસાઈ જવી અથવા માલનો ભરાવો થવાથી વેપારમાં મંદી અનુભવાય. **બીજાના દોરવાયા દોરવાઈને મોટું સ્ટોકિંગ ન કરવું.** ૧૨ નવેમ્બરથી ૯ માર્ચ તથા ૨૬ એપ્રિલથી ૪ જૂન દરમિયાન ઇન્કમટેક્સ, GST અથવા અન્ય સરકારી-કાયદાકીય પ્રક્રિયામાં ફસાઈ ન જવાય તેની ખાસ તકેદારી રાખવી. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુની સાનુકૂળતાથી આકસ્મિક ઘરાકી નીકળશે, મહત્ત્વના ઓર્ડર પૂર્ણ થશે અને **પરદેશ સંબંધિત વેપાર-ધંધામાં પ્રગતિ થવાની શક્યતા છે.**

નોકરી/કારકિર્દી : ધૈર્યને હમેશા સાથે રાખજો

નોકરિયાત વર્ગ માટે આ વર્ષ ધૈર્યની કસોટી કરનારું રહેશે. **કાર્યસ્થળે ધાર્યા પ્રમાણે કામ ન થતાં અથવા સહકર્મચારીઓ તરફથી વિશ્વાસઘાત થતાં અસંતોષ રહી શકે. અન્યની ભૂલોનો ઠપકો પણ સાંભળવો પડી શકે.** નાણાકીય જવાબદારી અથવા કેશિયરનું કામ કરતાં જાતકોએ હિસાબમાં



વિશેષ ચોકસાઈ રાખવી. નાણાંકીય ગોટાળો ન થાય તેનું ધ્યાન રાખવું. સ્વાસ્થ્ય અથવા કૌટુંબિક કારણોસર રજાની જરૂરિયાત ઊભી થઈ શકે. જો કે ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે કામની કદર થશે, અટકેલા પ્રશ્નોનો ઉકેલ આવશે અને નોકરી સંબંધિત વિદેશ પ્રવાસ અથવા વિદેશી કંપની સાથે જોડાવાની તક મળી શકે.

કુટુંબ અને પ્રેમસંબંધો : તમારે જ સમજવું પડશે

કૌટુંબિક જીવન એકંદરે મધ્યમ. જીવનસાથી સાથે નાની-નાની બાબતોમાં મતભેદ કે મનદુઃખ થઈ શકે. માતા-પિતા, સાસરી અથવા મોસાળ પક્ષમાં બીમારી કે ચિંતાનું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૨ જૂનથી શનિની પનોતી શરૂ થતાં પરિવાર તથા સંતાનોના અભ્યાસ કે આરોગ્ય અંગે ચિંતા વધી શકે. જો કે ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન સ્થિતિમાં સુધારો થશે. **અવિવાહિત જાતકો માટે લગ્નની વાત આગળ વધવાના યોગ છે.** સંતાનપ્રાપ્તિ ઇચ્છુક દંપતીઓ માટે પણ શુભ સમાચાર મળી શકે. પ્રેમસંબંધોમાં ગેરસમજ ટાળવા માટે ખુલ્લી વાતચીત કરવી વધુ હિતાવહ રહેશે.

શિક્ષણ : મહેનત એકલી નહીં ચાલે શિસ્ત પણ જોઇશે

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સતત મહેનત અને શિસ્ત માગશે. વધુ પડતા આત્મવિશ્વાસ, અહંકાર અથવા વહેમથી દૂર રહીને વર્ષના પ્રારંભથી જ અભ્યાસનું આયોજન કરવું. **ખોટી સંગત અને સમય બગાડતી પ્રવૃત્તિઓથી દૂર રહેવું.** પરીક્ષા નજીક આવે ત્યારે અપૂરતી તૈયારીને કારણે મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવું. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. મહેનતનું યોગ્ય પરિણામ મળશે અને ઉચ્ચ અભ્યાસ માટે **વિદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓની પ્રવેશ અથવા દસ્તાવેજી પ્રક્રિયામાં પ્રગતિ થઈ શકે.**

કોર્ટ-કચેરીના મામલા : ભારે સાવચેતી સાથે નિષ્ણાતોની સલાહ જરૂરી

કોર્ટ-કચેરી અને કાનૂની બાબતોમાં આ વર્ષે ભારે સાવચેતી રાખવી. ૧૨ નવેમ્બરથી ૯ માર્ચ તથા ૨૬ એપ્રિલથી ૪ જૂન દરમિયાન કોઈ નવો કાનૂની વિવાદ ઊભો ન થાય તેનું ધ્યાન રાખવું. ટેક્સ, મિલકત, સરકારી કાર્યવાહી અથવા નાણાંકીય દસ્તાવેજો સંબંધિત બાબતોમાં નિષ્ણાતની સલાહ લઈને જ આગળ વધવું.

સરકારી કામકાજ : દસ્તાવેજોમાં ચોકસાઈ જરૂરી

સરકારી કામકાજ, ટેન્ડર, લાઇસન્સ અથવા મંજૂરી મેળવવામાં વિલંબ અને રૂકાવટનો સામનો કરવો પડી શકે છે. સરકારી અધિકારીઓ અથવા ખાતાકીય તપાસ દરમિયાન મુશ્કેલી ઊભી ન થાય તે માટે તમામ દસ્તાવેજો, હિસાબો અને રેકોર્ડ વ્યવસ્થિત રાખવા. **નિયમોનું પાલન કરીને કામ કરવાથી બિનજરૂરી મુશ્કેલી ટાળી શકાશે.**

પ્રવાસ : વિદેશમાંથી મળશે લાભ

આ વર્ષે પ્રવાસ દરમિયાન આરોગ્યની તથા કિંમતી સામાનની ખાસ કાળજી રાખવી. જો કે ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે વ્યાપારિક, નોકરી અથવા વિદેશ પ્રવાસના આયોજન સફળ અને લાભદાયી બની શકે. **વિદેશ સંબંધિત કામકાજ માટે કરવામાં આવતી મુસાફરીમાંથી સારાં પરિણામ મળવાની શક્યતા છે.**

સ્ટોક માર્કેટ : જોખમો વચ્ચે સાવચેતી જરૂરી છે

શેરબજાર અને સ્પેક્યુલેટિવ માર્કેટમાં ટ્રેડિંગ કરનારાઓ માટે આ વર્ષ વિશેષ સાવધાનીનું છે. **અણધાર્યા નુકસાનની શક્યતા હોવાથી શોર્ટકટ, અફવા અથવા સટ્ટાકીય રોકાણથી દૂર રહેવું.** ઉધારના નાણાંથી રોકાણ કરવું અથવા ભારે જોખમ લેવું ટાળવું. આ વર્ષે ઝડપી નફાના પ્રલોભનમાં પડવામાં મૂડી ગુમાવવાનો વારો આવી શકે જેથી મૂડીનું રક્ષણ થાય તેની પ્રથમ પ્રાથમિકતા રાખવી.

(શીર્ષક પંક્તિ: અમૃત ઘાયલ)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● ગુરુની અસર: ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે ગુરુનું સાનુકૂળ ગોચર રહેશે. આ સમયગાળો કઠિન વર્ષમાં રાહત આપનાર બનશે. આર્થિક લાભ, કાર્યસિદ્ધિ, લગ્ન-સંતાન સંબંધિત શુભ સમાચાર તથા **વિદેશ સંબંધિત બાબતોમાં પ્રગતિ થઈ શકે.** વર્ષના બાકીના સમયગાળામાં ખર્ચ અને ચિંતા વધે તેવું ગોચર રહેવાની શક્યતા છે.

● **શનિની અસર:** વૈશાખ વદ બારસ, એટલે કે ૨ જૂનથી કન્યા રાશિ માટે શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે અષ્ટમ ભાવમાંથી શરૂ થશે. આ સમયગાળામાં શારીરિક કષ્ટ, જૂની બીમારી, કામમાં રૂકાવટ અને અણધાર્યા ખર્ચ વધી શકે.

● **રાહુની અસર :** પાંચમી ડિસેમ્બરથી વર્ષના અંત સુધી આપની રાશિથી પંચમ સ્થાને થતું રાહુના ભ્રમણને કારણે પાચનતંત્ર સંબંધિત બીમારી ઊભી થઇ શકે. માનસિક દ્વિધા અને નિર્ણય લેવામાં અસ્થિરતા પણ અનુભવાઈ શકે. પ્રણય સંબંધોમાં બ્રેકઅપ તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ ભંગ થવાના યોગ પણ રહે.